GOVT. MEDICAL COLLEGE - BHAVNAGAR
Near S. T. Stand, Jail Road,
Bhavnagar - 364 002. (Gujarat-India)
Tel. : (0278) 2422011 / 2430808 / 2431855 / 2431866 Fax : (0278) 2422011

No.MCB/S.S./12917-26/2021

Dt.30/10/2021
16/11

## કચેરી આદેશ :

**વિષયઃ**– ૩૪માં એકસ–રે ટેકનીશયન તાલીમ વર્ગ માં પ્રવેશ આપવા બાબત.
**સંદર્ભ :**– ગુજરાત સરકાર આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના ઠરાવ ક્રમાક મકમ–૧૦૨૦૧૨ –એસએફએસ–૩૧–સ, સચિવાલય, ગાંધીનગર તા.૦૪/૦૯/૨૦૧૫

સરકારશ્રીના પ્રર્વતમાન નિયમોનુસાર તમોને તા.૧૭/૧૧/૨૦૨૧ થી એક વર્ષ માટે શરૂ થતા ૩૪મા એકસ–રે ટેકનીશયન તાલીમ વર્ગમાં નીચે જણાવેલ શરતો ને આધીન રહીને પ્રવેશ આપવામાં આવે છે. તમારી પસંદગી સરકારશ્રીના આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણનાં સંદર્ભ–૧ના ઠરાવમાં દર્શાવેલ એકસ–રે ટેકનીશ્યનની પસંદગીની શરતો પ્રમાણે કરવામાં આવતા તમોને તા.૧૭/૧૧/૨૦૨૧ થી એકસ–રે ટેકનીશ્યન કોર્ષમાં સીધી ભરતીથી નીચે જણાવેલ શરતોને આધિન હાજર થવાના આથી આદેશ કરવામાં આવે છે.

| ક્રમ | વિદ્યાર્થીનુ નામ | પ્રવેશ કેટેગરી |
|---|---|---|
| 1. | Bhatt Yaxit Ashokbhai | OPEN |
| 2. | Jalela Payalben Bharat Bhai | OPEN |
| 3. | Arjanbhai Manjibhai Kantariya | SEBC |
| 4. | Chavda Gigabhai Vejabhai | SEBC |
| 5. | Jethava Dharmeshbhai Lakhamanbhai | SEBC |
| 6. | Pandya Dharmikkumar Ajaykumar | EWS |

૧. તમો એકસ–રે ટેકનિશ્યન ટ્રેનિંગ કોર્ષમાં પ્રવેશ લઈ રહયા છો.
૨.તાલીમાર્થીને રહેવાની તથા જમવાની સગવડ પોતાના સ્વખર્ચે કરવાની રહેશે.
૩. તાલીમના સમય દરમ્યાન તમારે નીયમીત તથા શિસ્તબધ્ધ રીતે તાલીમ લેવાની રહેશે અને જો તાલીમના સમય દરમ્યાન અનિયમીતતા કે અસભ્ય વર્તન કરતા જણાશે તો વગર નોટીસે તમોને અધુરી તાલીમમાથી છુટા કરવામાં આવશે.
૪. કોઈપણ જાતની રેંગીંગ કરતા જણાશે અથવા માલુમ પડશે તો કોર્ષ માથી છુટા કરવામાં આવશે.
૫. પ્રવેશ નિયમોનુસાર તાલીમાર્થી ને પુરા કોર્ષ દરમ્યાન ૭૫% હાજરી અચુક હોવી જોઈએ અને જો તેમ થવા નહી પામે તો તાલીમાર્થી ને પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહી.
૬.તાલીમાર્થીએ વધુમાં વધુ ત્રણ પ્રયાસમાં પરીક્ષા પાસ કરવાની રહેશે.એસ.સી અને એસ.ટી. કેટેગરીના ઉમેદવારને એક વધારે તક મળવાપાત્ર રહેશે.
૭. તમો હાલમાં કોઈપણ જગ્યાએ નોકરી કરતા નથી તેવુ બાંહેધરી પત્રક રજુ કરવાનું રહેશે.
૮. કોઈપણ જાતની ગેરરીતી/ગેરહાજરી તથા અન્ય સરકારી નિયમોને લગતી ગેરપ્રવૃતિ તમોને બંધનકર્તા રહેશે.
૯. રેપીડ એકશન ટીમમાં જરૂર પડે ત્યારે જવાનું રહેશે તથા નાઈટ ડયુટી આવે ત્યારે કરવાની રહેશે.
૧૦. કોઈપણ કામગીરી માટે જરૂર જણાય ત્યારે બહારગામ જવાની ત્યારી રાખવાની રહેશે.
૧૧. ઈમરજન્સી દરમ્યાન જયારે બોલાવવામાં આવે(દિવસ/રાત્રે) ત્યારે ડયુટી પર હાજર રહેવાનું રહેશે.

૧૨. ઉપરોકત શરતોને આધિન અને સરકારશ્રીના આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણનાં ઠરાવ ક્રમાક મકમ–૧૦૨૦૧૨–એસએફએસ–૩૧–સ, સચિવાલય, ગાંધીનગર તા.૦૪/૦૯/૨૦૧૫ના ઠરાવમાં દર્શાવેલ તમામ શરતો/નિયમોને આધિન તમોને લેબોરેટરી ટેકનિશ્યન કોર્ષમાં પ્રવેશ આપવામાં આવે છે. આથી આ ઠરાવની તમામ શરતો તમોને બંધનકર્તા રહેશે.

૧૩. પરીક્ષાને લગતા આનુષંગિક ખર્ચ પેટે ₹ ૩૦૦/– મેડીકલ કોલેજ ડેવલોપમેન્ટ સોસાયટીમા જમા કરવાના રહેશે.

ડીન,
સરકારી મેડીકલ કોલેજ,
ભાવનગર.

પ્રતિ,
સબંધિત તમામ તાલીમાર્થી..
પ્રાધ્યાપક, અને વિભાગના વડાશ્રી, રેડીયોલોજી વિભાગ,
સરકારી મેડીકલ કોલેજ,ભાવનગર તરફ જાણ તથા યોગ્ય થવા સારુ.

**નકલ સવિનય રવાનાઃ–**

૧) નાયબ નિયામકશ્રી, તબીબી શિક્ષણ અને સંશોધન (ત.શિ.) જી બ્લોક બીજો માળ,' સીવીલ હોસ્પીટલ ગાંધીનગર તરફ જાણ સારૂ.
૨) સભ્ય સચિવશ્રી, કેન્દ્રીય પરીક્ષા સમિતી પેથોલોજી વિભાગ, બી.જે. મેડીકલ કોલજ, અમદાવાદ તરફ જાણ સારૂ.
૩) ચેરમેનશ્રી, લેબોરેટરી/એકસ–રે ટેકનીશન ટ્રેનિંગ કોર્ષ, બી.જે.મેડીકલ કોલેજ, અમદાવાદ તરફ જાણ સારૂ.